જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)
ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
જુ.કૃ.યુ., જામનગર- ૩૬૧૦૦૬
તા. ૨૨-૦૧-૨૦૨૨ થી તા. ૨૬-૦૧-૨૦૨૨
(#Azadi ka Uatsav-Amrit Mahotsav)

**જામનગર જીલ્લા કૃષિ હવામાન બુલેટીન નં. ૦૬(૨૦૨૧) તારીખ: ૨૧-૦૧-૨૦૨૨**

(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)

## પાછલા અઠવાડીયાનું જામનગર નું હવામાન

| હવામાનપરિબળો | | |
|---|---|---|
| વરસાદ (મી.મી) | | ૦.૦ |
| મહતમ તાપમાન(સે.ગ્રે) | | ૨૩.૦-૨૫.૫ |
| લઘુતમ તાપમાન(સે.ગ્રે) | | ૧૦.૨-૧૩.૫ |
| ભેજ(%) | સવાર | ૭૩-૭૮ |
| | બપોરબાદ | ૨૮-૩૯ |
| પવનનીગતિ (કિમી/કલાક) | | ૫.૮-૭.૬ |

## હવામાન આગાહી

### ઉત્તર સૌરાષ્ટ્ર ખેતઆબોહવાકીય વિભાગ - જામનગર જીલ્લાની હવામાન આગાહી

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૨૨-૦૧-૨૦૨૨ | દિવસ-૨ ૨૩-૦૧-૨૦૨૨ | દિવસ-૩ ૨૪-૦૧-૨૦૨૨ | દિવસ-૪ ૨૫-૦૧-૨૦૨૨ | દિવસ-૫ ૨૬-૦૧-૨૦૨૨ |
|---|---|---|---|---|---|
| વરસાદ (મી.મી.) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહત્તમ તાપમાન(સે.ગ્રે) | ૨૭ | ૨૫ | ૨૪ | ૨૫ | ૨૬ |
| લઘુત્તમ તાપમાન(સે.ગ્રે) | ૨૧ | ૧૭ | ૧૭ | ૧૭ | ૧૭ |
| મહત્તમ ભેજ (%) સવાર | ૮૫ | ૫૧ | ૪૮ | ૪૭ | ૪૪ |
| લઘુત્તમ ભેજ (%) બપોરબાદ | ૫૦ | ૩૩ | ૨૭ | ૨૯ | ૨૩ |
| પવનની ગતિ (કિમી/કલાક) | ૨૩.૨ | ૨૪.૯ | ૧૪.૭ | ૧૮.૩ | ૧૭ |
| પવનની દિશા (ડીગ્રી) | પશ્ચિમ | વાયવ્ય | ઉત્તર | ઈશાન | ઈશાન |
| વાદળની સ્થિતિ | ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું |

નોંધ: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઈ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહી.

ભારત સરકારશ્રીના હવામાન ખાતા તરફથી મળેલ હવામાન માહિતી અનુસાર અત્રેના ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગર તરફથી જણાવવામાં આવે છે કે ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના



જામનગર જીલ્લામાં આગામી સપ્તાહ દરમ્યાન હવામાન ચોખ્ખું રહેશે તથા વરસાદ પડવાની શક્યતાઓ નહીવત્ત રહેશે. આ સમય ગાળામાં મહત્તમ તાપમાન દિવસ દરમ્યાન ૨૪-૨૭ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૧૭-



૨૧ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે. સવારના સમયે ભેજનું પ્રમાણ ૪૪-૮૫ % રહેશે તથા બપોરપછીના ભેજનું પ્રમાણ ૨૩-૫૦ % રહેવાની શક્યતા છે. પવનની દિશા મોટેભાગે પશ્ચિમ-ઈશાન તરફથી રહેવાની અને પવનની ઝડપ ૧૪.૭-૨૪.૯ કીમી/કલાક રહેવાની શક્યતા છે.





## સામાન્ય કૃષિ સલાહ

- ઉનાળુ પાકોના વાવેતર માટે જમીનની તૈયારી કરવી જોઈએ. વાવેતર માટે યોગ્ય ગુણવતા વાળા બીજ મેળવી લેવા. જમીનની જરૂરિયાત મુજબ પાયાના ખાતર તરીકે યોગ્ય ખાતરનો ઉપયોગ કરવો.
- જો શિયાળુ પાકમાં રોગ જીવાતનો ઉપદ્રવ વધવાની શક્યતા હોય પાકનું સતત નિરિક્ષણ કરતા રહેવું આર્થિક ક્ષમ્યમાત્રા કરતા વધુ ઉપદ્રવ જોવા મળે તો ભલામણ મુજબ નિયંત્રણના પગલા લેવા.
- રવિ પાકને રોગથી બચાવવા હેક્ઝોકોનાઝેબ ૨૫ મીલી / કાર્બેન્ડેઝીમ ૨૦ ગ્રામ / ટેબુકોનાઝોલ ૩૦ મીલી / મેન્કોઝેબ ૫૦ ગ્રામ પૈકી કોઇ પણ એક દવાનો છંટકાવ વાતાવરણ ચોખ્ખું હોય ત્યારે કરવો
- પાકમાં જરૂરિયાત કરતા વધારે પિયત આપવાથી રોગ અને જીવાતનો ઉપદ્રવ વધે છે, જેથી જરૂરીયાત મુજબ જ પિયત આપવું.

| પાક પ્રમાણે કૃષિ સલાહ | |
|---|---|
| મુખ્યપાક | કૃષિસલાહ |
| ઉનાળું મગફળી | • વાવેતર સમય: વાવેતર જાન્યુઆરી માસના અંતમાં ઠંડીનું પ્રમાણ ઓછું થયે કરવું.<br>• ઉનાળુ મગફળીના વાવેતર કરવા માટે ઊભડી અને વહેલી પાકતી જી.જી.- ૨, જી.જી.-૫, જી.જી.-૬, ટીએજી-૨૪, ટી.જી.-૨૬, અને ટીજી-૩૭એ માંથી કોઈપણ એક જાતની પસુંદગી કરવી. |
| ઉનાળું મગ | • વાવેતર સમય: વાવેતર ૧૫ ફેબ્રુઆરી થી ૧૫ માર્ચ સુધીના સમયગાળા દરમ્યાન કરવું.<br>• વાવેતર માટે ગુજરાત મગ-૨,૩,૪, કે-૮૫૧, સી.ઓ.-૪ અને મેહા જેવી જાતો પસંદ કરવી. |
| ઉનાળું તલ | • વાવેતર સમય: ઉનાળુ તલનું વાવેતર ફેબ્રુઆરી માસના પ્રથમ પખવાડીયામાં કરવું.<br>• વાવેતર માટે સફેદ તલની જાતો જેવીકે ગુજરાત તલ- ૧,૨,૩,૪ અને કાળા તલની જાતો જેવીકે ગુજરાત તલ-૧૦ પસંદ કરવી. |
| ઉનાળું બાજરો | • વાવેતર સમય: ફેબ્રુઆરી માસના પહેલા કે બીજા અઠવાડીયામાં વાવેતર કરવું.<br>• ઉનાળું બાજરાના વાવેતર માટે ગુજરાત હાઈબ્રીડ બાજરી-૫૨૬, ગુજરાત હાઈબ્રીડ બાજરી-૫૫૮, ગુજરાત હાઈબ્રીડ બાજરી-૫૩૮ જેવી સુધારેલી જાતો પસંદ કરવી. |
| ઘઉં | • ઉધય: ઉધયનો ઉપદ્રવ રહેતો હોય ત્યાં ક્લોરપાયરીફોસ ૨૦ ટકા એ.સી. ૫ લીટર દવા પિયત પાણી સાથે આપવી.<br><br>• પિયત: ઘઉંમાં પિયત ફૂલ અવસ્થા અને દુધિયા દાણાની અવસ્થાએ પિયત વાતાવણ ચોખ્ખું હોય ત્યારે આપવું.<br>• ઉંદર: જો ઘઉંના પાકમાં ઉંદરનું નુકશાન જોવામળે તો ઝીંક ફોસ્ફાઈડ, બેરીયમ કાર્બોનેટ અને રેડ સ્કવેલ ખોરાક સાથે ભેળવીને મુકવાની ઉંદરના ત્રાસ સામે નિયંત્રણ મેળવી શકાય છે.<br>• રાતડો અને ગેરુ: રોગની શરૂઆતમાં મેન્કોઝેબ ૭૫ વેપા ૪૦ ગ્રામ ૧૫ લીટર પાણીમાં ભેળવી ૧૫ દિવસના અંતરે છંટકાવ કરવા. |
| ચણા | • સુકારો: ટ્રાયકોડર્મા ફૂગનાશક પાવડર ૫-૬ કિગ્રા/હેક્ટરે જમીનમાં આપવું જેથી જમીનજન્ય રોગોથી થતું નુકસાન અટકાવી શકાય છે. |

| | |
|---|---|
| | <br>• **પિયત:** ચણામાં ફૂલ અને પોપટા બંધાવવાની અવસ્થાએ પિયત વાતાવણ ચોખ્ખું હોય ત્યારે આપવું.<br>• **લીલી ઈયળ:** લીલી ઇયળનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્યમાત્રા કરતાવધુ જોવા મળે ત્યારે કવીનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીછંટકાવ કરવો.<br><br>• **સ્ટંટ વાઈરસ:** રોગ મોલોમશી મારફતે ફેલાતો હોવાથી તેના નિયંત્રણ માટે કીટનાશક જેવી કે મીથાઈલ-ઓ-ડીમેટોન ૧૨ મીલી અથવા ડાયમીથોએટ ૧૦ મીલી ૧૫ લીટર પાણીમાં ભેળવી જરૂરીયાત મુજબ છંટકાવ કરવો.<br> |
| જીરૂ | • **સુકારો:** ટ્રાયકોડર્મા ફૂગનાશક પાવડર ૫-૬ કિગ્રા/હેક્ટરે જમીનમાં આપવું જેથી જમીનજન્ય રોગોથી થતું નુકસાન અટકાવી શકાય છે.<br><br>• **પિયત:** સુકારો અને ફૂગના રોગને રોકવા માટે વધુ પિયત ન કરો. જમીનની પરત મુજબ માત્રને માત્ર ૩-૪ પિયત જ આપવા.<br>• **કાળી ચરમી:** જીરુંના પાકમાં ઝાકળ વધુ પ્રમાણમાં આવે તો પિયત મુલતવી રાખવું. તેમજ કાળી ચરમી અને રાખોડીનો ઉપદ્રવ થાય નહિ તે માટે હેક્ઝાકોનાઝોલ ૨૫ મિલી દવા ૧ પંમ્પમાં નાખીને છંટકાવ કરવો.<br><br>• **ભૂકીછારો:** ભૂકીછારા રોગના નિયંત્રણ માટે વહેલી સવારે ૩૦૦ મૈશનો ગંધક પાવડર હેક્ટરે ૧૫ થી ૨૦ કી.ગ્રા.અથવા પ્રોપીકોનેઝોલ અથવા હેક્ઝાકોનેઝોલ ૧૦ મી.લી દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.<br> |
| ધાણા | • **પિયત:** સુકારો અને ફૂગના રોગને રોકવા માટે વધુ પિયત ન કરો.<br>• **મોલો:** મોલોના નિયંત્રણ માટે ડાયમીથોએટ ૨૦ મિલી અથવા ઈમીડાકલોપ્રીડ ૩ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીછંટકાવ કરવો.<br>• **ભુકીછારો/રાખોડી:** ધાણાના પાકમાં ભુકીછારો/રાખોડી અને કાળી ચરમી નો ઉપદ્રવ ન થાય તે માટે હેક્ઝાકોનાઝોલ ૧૫ મિલી દવા ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| લસણ | • **ચુસીયા પ્રકારની જીવાત:** ચુસીયા પ્રકારની જીવાત ના નીયંત્રણ માટે ફોસ્ફામીડોન ૫ મીલીઅથવા ડાયમીથોએટ |

| | |
|---|---|
| | ૧૫ મીલી અથવા મીથાઈલ-ઓ-ડેમેટોન ૧૫મીલી દવાને ૧૫ લીટર પાણીમાં મિશ્રણ કરી ૧૫દિવસના અંતરે છંટકાવ કરવા.<br>  <br>• **પીળા પાન:** પાન પીળા પડતા અટકાવવા મેન્કોઝેબ ૪૦ગ્રામ અથવા હેક્ઝાકોનાઝોલ ૧૫ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં નાખીને છંટકાવ કરવો.<br> <br>• **પિયત:** વધારે પડતું પિયત આપવાથી પાંદડા ના રોગ થવાની સમભાવના વધી જાય છે. જરૂરિયાત મુજબ વાતાવણ ચોખ્ખું હોય ત્યારે આપવું. |
| ડુંગળી | • **ચુસીયા પ્રકારની જીવાત:** ચુસીયા પ્રકારની જીવાત ના નીયંત્રણ માટે ફોસ્ફામીડોન ૫ મીલીઅથવા ડાયમીથોએટ ૧૫ મીલી અથવા મીથાઈલ-ઓ-ડેમેટોન ૧૫મીલી દવાને ૧૫ લીટર પાણીમાં મિશ્રણ કરી ૧૫દિવસના અંતરે છંટકાવ કરવા.<br>• **જાંબલી ધાબાનો રોગ:** ડુંગળીમાં જાંબલી ધાબાનો રોગ લાગે નહિ તે માટે પ્રોપીકોનાઝોલ, મેન્કોઝેબ ૪૦ ગ્રામ અને કાર્બેન્ડાઝીમ ૧૫ ગ્રામ ૧ પંપમાં વારા ફરતી કોઈપણ એક દવા નાખીને ૧૫ દિવસના અંતરે છંટકાવ કરવા.<br>    |
| કપાસ | • **વીણી:** સમયસર વીણી હાથ ધરવી. છેલ્લી વીણી પછી બકરા, ઘેટાં ચરાવવા જેથી ખુલ્યા વગરના ગુલાબી ઈયળના નુકસાન વાળા જીંડવા અને અન્ય કચરો નાશ પામે. ત્યારબાદ કરાંઠી સળગાવવી નહિ પરંતુ રોટાવેટર અથવા મોબાઈલ ચોપરથી નાના ટુકડા કરી જમીનમાંદાટી દેવા જેથી જમીનમાં સેન્ટ્રીય તત્વનો ઉમેરો થવાથી સૂક્ષ્મ જીવોની સંખ્યા વધશે અને જમીનના સ્વાસ્થ્યમાં સુધારો થશે. અથવા કરાંઠી ભેગી કરી શ્રેડરથીનાનાટુકડા કરીને છાણ, યુરીયા, કમ્પોસ્ટ કલ્ચર ઉમેરી દેશી(સેન્ટ્રીય) ખાતર બનાવવું. |
| દિવેલા | • **ઘોડિયા ઈયળ અથવા લીલી ઈયળ:** ઘોડિયા ઈયળ અથવા લીલી ઈયળ ના નિયંત્રણ માટે ડાયક્લોરોવોસ ૭૬ ઈસી ૧૦ મિલી અથવા મિથાઈલ ઓ ડેમેટોન ૨૫ ઈસી ૧૫ મિલી ૧૫ લીટર પાણીમાં નાખીને વરાપે છંટકાવ કરવો.<br>  |
| તુવેર | • **વંધ્યત્વનો રોગ:** તુવેરમાં સ્ટરીલીટી મોઝેક (વંધ્યત્વનો રોગ, કથીરી)ના નિયંત્રણ માટે પ્રોપરઝાઈટ ૫૭% ઈ.સી ૩૦-૪૦ મિલી/પંપ વરાપે છંટકાવ કરવો.<br> <br>• **ચુસીયા પ્રકારની જીવાતો:** તુવેરના પાકમાં ૫૦% ફુલ બેસવાની અવસ્થાયે ચુસીયા જીવાતના નિયંત્રણ માટે ૧૫ |

| | |
|---|---|
| | મીલી પોલીરીન અથવા ૨૦ ગ્રામ એસીફેટ અથવા ૫ મીલી ઈન્ડોક્ષાકાર્બ અથવા ૨૫ મીલી પ્રોફેનોફોસ દવાને ૧૦લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.<br>• **શીંગ માખી અને શીંગ કોરી ખાનાર ઈયળ:** તુવેરમાં શીંગ માખીનો વધુ ઉપદ્રવ જોવા મળે તો કવીનાલફોસ અથવા પ્રોફેનોફોસ ૨૦ મી.લી. પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. શીંગ કોરી ખાનાર ઈયળનો ઉપદ્રવ જોવા મળે તો સ્પીનોસાદ ૪ મી.લી. અથવા એમામેકટીન બેન્ઝોએટ ૭ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો.<br>   <br>• **પિયત:** ફૂલ અવસ્થાએ અને શીંગો ભરાવવાની અવસ્થાએ પાણીની ખેચ ના પડે તેમ પિયત આપવું. |
| શાકભાજી પાકો | • રોગીષ્ટ છોડને ખેતરમાંથી ઉપાડીને જમીનમાં દાટી દેવા જોઈએ.<br>• શાકભાજી પાકોને નિંદણ મુક્ત રાખવા જોઈએ.<br>• **પાન કોરીયુ:** વેલાવાળા શાકભાજી પાકમાં પાન કોરીયાનો ઉપદ્રવટાળવા માટે ૧૫ મીલી મીથાઈલ-ઓ-ડેમેટોન (૨૫ઈસી) અથવા ૧૫ મીલી ડાયમીથોએટ (૩૦ ઈસી) ૧૫ લીટરપાણીના પંપમાં નાખીને વરાપે છંટકાવ કરવો.<br> <br>• **થ્રીપ્સ:** મરચીના પાકમાં થ્રીપ્સના નિયંત્રણ માટે ૩૦ મીલીપ્રોફેનોફોસ ૧૫ લીટરપાણીમાં મિશ્રણ કરી છાંટવી. થ્રીપ્સનો વધુ ઉપદ્રવ હોય તો સ્પીનોસાડ અથવા સ્પીનેટોરમ દવા૭-૮મીલી પ્રતિ પંપ વરાપે છાંટવી.<br> <br>• **ફળમાખી:** ફળમાખીના નિયંત્રણ માટેએસીટામીપ્રીડ ૨૦ ટકા ૧૫ ગ્રામ દવા ૧૫ લીટર પાણીમાં ભેળવી વરાપે છંટકાવ કરવો.<br>  <br>• **લીલી ઈયળ:** ટામેટાના પાકમાં લીલી ઈયળનો ઉપદ્રવ વધુ જોવા મળે છે તેના નીયંત્રણ માટે ઇન્ડોકઝાકાર્બ ૨૫ ઈસી ૩૦ મિલી અથવા સ્પીનોસાદ ૪૫ ઈસી ૫ મિલી પ્રતિ પંપ વરાપે છાંટવી.<br>• રીંગણના પાકમાં જો ફળ અને ડોકાની ઈયળોનો ઉપદ્રવ હોય તો રીનાક્ષીપાયર ૧૮.૫ એસ.સી દવા ૫ મીલી ૧૫ લીટર પાણીમાં મીશ્ર કરીને વરાપે છંટકાવ કરવો.<br>    |

| | |
|---|---|
| |   <br>• **પાનકથીરી:** શાકભાજી પાકોમાં પાનકથીરીનો ઉપદ્રવ જોવા મળે તો ફેનાઝાકવિન ૧૦ ઈસી ૧૦ મિલી અથવા ડાયફેન્યુરોન ૫૦ ડબલ્યુ પી ૧૫ ગ્રામ ૧૫ લીટર પાણીમાં પંપમાં નાખીને વરાપે છંટકાવ કરવો.<br>   <br>• **સફેદ માખી અને લીલી:** ભીંડામાં સફેદ માખી અને લીલી પોપટીના નિયંત્રણ માટે લીંબોળીનુંતેલ ૫૦ મી.લી. અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્ક નુંદ્રાવણ ૫૦૦ મી.લી. અને ડાયફેનથાયુરોન ૫૦ ટકા વે.પા. ૧૬ગ્રામ દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને વરાપે છંટકાવ કરવો. |
| પશુ | • પશુઓના રહેઠાણની જગ્યાની વ્યવસ્થિત સફાઈ રાખવી અને માખીઓના ઉપદ્રવથી બચવા ફિનાઈલ છાંટવું અથવા લીમડાનાં પાનનો ધુમાડો કરવો.<br>• પશુને ૬ થી ૮ કી.ગ્રા. સુકો અને ૧૫ થી ૨૦ કી.ગ્રા. લીલો ચારો આપવો. દુધાળા પશુઓને પ્રતિ લીટર દુધની ઊપજ હોય તેમને નિયમિત ૧ કી.ગ્રા. ફીડ + ૫૦ ગ્રામ ખનીજ તત્ત્વોનું મિશ્રણ આપવું.<br>• ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથ્રીન અથવા એમીટ્રાલ ૨ મી.લી. એક લીટર પાણીમાં નાખીને છાંટવી. |

# District Agrometeorological Unit (DAMU)

## GraminKrushi Mausam Seva (GKMS)
## Krishi Vigyan kendra
## Junagadh Agricultural University
## Jamnagar-361006

**Date:22-01-2022 to 26-01-2022**

**(#Azadi ka Uatsav-Amrit Mahotsav)**

**Jamnagar District Agromet Advisory Service bulletin No. 06(2021) Date: 21-01-2022**

**(Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department)**

## Significant weather for the preceding week

| weather parameter | | |
|---|---|---|
| Rain fall (mm) | | 0.0 |
| Maximum temperature (˚C) | | 24.0-30.8 |
| Minimum temperature (˚C) | | 12.4-16.5 |
| Relative Humidity (%) | Morning | 66-88 |
| | Afternoon | 25-58 |
| Wind speed (Kmph) | | 3.0-7.3 |

## Weather forecasting for Jamnagar District

| Date / Parameters | Day-1 22-01-2022 | Day-2 23-01-2022 | Day-3 24-01-2022 | Day-4 25-01-2022 | Day-5 26-01-2022 |
|---|---|---|---|---|---|
| Rain fall (mm) | 0 | 0 | 0 | 0 | 0 |
| Maximum temperature (˚C) | 27 | 25 | 24 | 25 | 26 |
| Minimum temperature (˚C) | 21 | 17 | 17 | 17 | 17 |
| Relative Humidity-I (%) | 85 | 51 | 48 | 47 | 44 |
| Relative Humidity-II (%) | 50 | 33 | 27 | 29 | 23 |
| Wind speed (Km/h) | 23.2 | 24.9 | 14.7 | 18.3 | 17 |
| Wind Direction (deg.) | W | NW | N | NE | NE |
| Cloud cover (Okta) | Clear sky | Clear sky | Clear sky | Clear sky | Clear sky |

Note: Above forecast is the average situation of whole district not for one particular place.

Gramin Krishi Mausam Seva, Krishi Vigyan Kendra, Jamnagar and Indian meteorological department announce upcoming five days weather forecast of

Jamnagar district have sky will be observed clear weather forecast in next five days.

Rain fall: In the next no chances of rainfall
Temperature: Maximum and minimum temperature likely to be in range 24-27 °C and 17-21 °C, respectively.
Relative Humidity: The RH-I and RH-II is likely to be in the range of 44-85 % & 23-50 %, respectively.
Wind Direction and Speed: Direction and speed of wind is likely to be W-NE and 14.7-24.9 km/h, respectively.

## General Agricultural Advisory

- For the sowing of summer crop, prepare the field on the basis of crop. Select the proper variety of related crop and purchase the seed from trustable agency. Apply the basal dose of fertilizer as per crop and soil requirement.
- If pest infestation may increase in Rabi crops, so monitor the crops, if infestation is above ETL then take control measures as per advisory given.
- Spray the Hexaconazole 25 ml / Carbendazim 20 gm / Tebuconazole 30 ml / Mancozeb 50 gm per pump to prevent Disease infestation on Rabi crop at clear sky condition.
- Over irrigation increase pest and diseases in crops, so apply irrigation as per requirement.

| Crop wise Advisory | |
|---|---|
| **crop** | **Advisory** |
| **Summer Groundnut** | • **Sowing time:** Sowing should be carried out in the end of January month.<br>• Selecting early maturing vertical varieties for sowing so that harvesting and threshing operations can be completed before monsoon rains. GG-2, GG-5, GG-6, TAG-24, TG-26 and TG-37A choose any one early maturing variety from these. |
| **Summer Greengram** | • **Sowing time:** Sowing should be carried out in between February 15$^{th}$ to March 15$^{th}$ Month.<br>• Select the variety like Gujarat Mung-2, 3, 4, K-851, C.O.-4 and Meha. |
| **Summer Sesame** | • **Sowing time:** Sowing should be carried out in starting month of February.<br>• Select the variety like Gujarat til-1, 2, 3, 4 (White seed) and Gujarat til-10 (Black seed). |
| **Summer Pearlmillet** | • **Sowing time:** Sowing should be carried out in 1$^{st}$ or 2$^{nd}$ Week of February.<br>• For the sowing of Summer Bajara select the variety like Gugarat |

<table>
<tr><td></td><td>Hybrid Bajara- 526, Gugarat Hybrid Bajara- 558, Gugarat Hybrid Bajara- 538.</td></tr>
<tr><td>Wheat</td><td>

- **Termite:** Application of Chlorpyriphos (20 EC) @ 5 litres per hectare with irrigation in the fields having perennial problem of termite infestation.





- **Irrigation:** apply irrigation at critical stages viz. flowering stage and dough stage in clear sky condition.
- **Rodent:** If rodent attack seen in wheat crop, make the food availability with poison like Zinc phosphide, Barium carbonate and Red squill.
- **Leaf blight and rust:** To control leaf blight and rust in wheat, at the beginning of the disease Apply a spray of Mancozeb 75 WP 40 gm in 15 litres of water twice at 15 days of interval.



</td></tr>
<tr><td>Chick pea</td><td>

- **Wilt:** apply tricoderma fungicide 5-6 kg/ha to prevent the wilt related disease in chickpea crop.






- **Irrigation:** Apply irrigation at flowering, poding and Maturity stage in clear sky condition.
- **Heliothis:** If incidence of Heliothis cross ETL, spray Quinalphos 25 EC 20 ml in 10 litres of water.






- **Stunt virus:** As the disease is spread through aphid, systemic insecticide like Methyl-O-dimeton @18 ml Or dimethoate @ 15 ml Mix in 15 liters of water and spray as required.






</td></tr>
</table>


<table>
<tr><td>Cumin</td><td>
<ul>
<li>Wilt: apply tricoderma fungicide 5-6 kg/ha to prevent the wilt related disease in cumin.</li>
</ul>

<ul>
<li>Irrigation: Do not over irrigate to prevent wilt and fungal disease.</li>
<li>Alternaria blight: Postponed the irrigation in cumin crop in case of dew. Apply Hexaconazole 25 ml/pump for the Alternaria blight and wilt control.</li>
</ul>

<ul>
<li>powdery mildew: Apply spray of Propiconazole @ 10 ml/10 liter in water or Hexaconazole or Supher @ 15-20 kg/ha for control of powdery mildew.</li>
</ul>

</td></tr>
<tr><td>Coriander</td><td>
<ul>
<li>Irrigation: Do not over irrigate to prevent wilt and fungal disease.</li>
<li>Aphid: Spray Diamethoate 20 ml or Imidacloprid 3 ml in 10 liters of water.</li>
<li>Powdery mildew/blight: Spray 15 ml Hexaconazole in 10 liters of water to prevent powdery mildew/ blight disease in coriander under clear weather.</li>
</ul>
</td></tr>
<tr><td>Garlic</td><td>
<ul>
<li>Sucking pest: For the control of thrips, spray Phosphamidon 5 ml or Dimethoate 15 ml or Methay-o- Demeton 15 ml in 15 liter of water at 15 days interval.</li>
</ul>

<ul>
<li>Leaf blight: Carry out spraying of Mencozeb 75 % WP 40 gm/10 lit or hexaconazole 15ml/10 lit of water to prevent leaf blight disease in garlic crop.</li>
</ul>

<ul>
<li>Irrigation: Do not over irrigate to prevent leaf blight disease. Apply</li>
</ul>
</td></tr>
</table>

| | |
|---|---|
| | irrigation at clear sky condition. |
| **Onion** | • **Sucking pest:** For the control of thrips, spray Phosphamidon 5 ml or Dimethoate 15 ml or Methay-o- Demeton 15 ml in 15 liter of water at 15 days interval.<br>• **purple blotch:** For the control of purple blotch blight and fusarium wilt disease in onion make 3 alternate sprays of Mancozeb 40 gm and Carbendazim 15 gm in 15 litres of water.<br>    |
| **Cotton** | • **Picking &pulling of cotton stalk:** Carry out picking in time. Animals like goats,sheep among others, should be allowed to graze on unopened bolls and plant debris in the cotton fields after the last picking to prevent infestation in subsequent year. After grazing,don’t burn cotton stalk but do in-situ chopping & burying of cotton stalk in soil by mobile chopper and rotavator to improve soil biomass and health. |
| **Castor** | • **semi looper and spodoptera:** For the control of semi looper and spodoptera spray dichlorovos 76 EC 10 ml or methyl o demeton 25 EC 15 ml mix in 15 liter water and spray alternate in clear weather condition.<br>  |
| **Red gram** | • **Starility mosaic Virus:** Red mite infestation and spread Starility mosaic virus, for control them spray properzait 57% EC 30-40 ml/pump in clear weather condition.<br> <br>• **Sucking pest:** For the control of sucking pest at 50 % flowering, spray 15 ml politrin OR 20 gm acephate OR 50 ml endoxacarb OR 25 ml profenophos in 10 liter of water.<br>• **Pod fly and Pod borer:** Monitor the crop for infestation of pod fly and pod borers due to cloudy weather if infestation observed spray quinalphos or profenofos 20 ml/10 liter of water for control of pod fly and Spinosad 4 ml or emamectin benzoate 7 gm/10 liter of water for the control of pod borer complex. |




- **Irrigation:** Apply irrigation at flowering and pod formation stage without stress.

**Vegetables**

- Infected plants should be uprooted and buried in the soil.
- Keep vegetable crop weed free.
- **leaf Webber:** For the control of leaf Webber in fruit leafy vegetable spray 15 ml methyl-O-demeton (25 EC) Or 10 ml diamethoate (30 EC) in 15 liter of water in clear weather condition.



- **Thrips in chilli:** For the control of thrips in chilli, spray 30 ml profenophos in 15 litres of water. In case of heavy attack make spray of spinosad or spinetoram 7-8 ml per 15 liter of water in clear weather condition.



- **Fruit fly:** For the control of Fruit fly spray acetamiprid 20 % 15 gm per 15 liter water pump in clear weather condition.



- **Fruit borer:** In brinjal and tomato crops control of fruit borer, spray reenaxipayar @ 5 ml in 15 lit of water. In tomato crops control of fruit borer, spray indoxacarb 25 EC 30 ml or spinosad 45 EC 5 ml per pump mix in water and spray in clear weather condition.




- **Mite:** If mite infestation observe in vegetable then spray fenazaquin 10 EC 10 ml or diafenuron 50 WP 15 gm per 15 liter water pump and carried out alternate spray in clear weather condition.

| | |
|---|---|
| |    <br>• **Whitefly & jassids in Okra:** For control of whitefly &jassids in Okra, spray 500 ml of 5 % neem seed extract or 50 ml neem oil or acephate75 % SP@ 15 gm or imidacloprid 17.8 SL 3 ml/10 liter of water in clear weather condition. |
| **Animals** | • Spray phenyl in the animal shed to avoid flys and mosquitoes. Keep animal shed hygienic and clean to avoid flies and mosquitoes.<br>• Provide 6-8 kg good quality dry roughage with 15-20 kg green fodder to the animals. For milch animals, regularly follow schedule of 1 kg feed + 50 g mineral mixture per 2 liters of milk yield.<br>• Spray Deltamethrin or Amitraz 2 ml/litre of water for the control of tick. |